<u>Circular No.4</u>

**પૂર બાબત / અત્યંત જરૂરી**

**નં : એફ્ડબલ્યુએ /૨૦૧૧/ ૨૭૫ ( ૩ ) જ.૧**

**ગુજરાત સરકાર,**
**નર્મદા, જળસંપતિ,પાણી પુરવઠા અને**
**કલ્પસર વિભાગ,સચિવાલય,ગાંધીનગર**
**તારીખ :- ૧૮/ ૦૩/૨૦૧૧**

**પરિપત્ર:-**

વિષય: **જળાશયમાંથી પાણી છોડતાં પહેલાં જળાશયની પરિસ્થિતીથી જીલ્લા વહીવટી તંત્રને માહિતગાર(હાઈ એલર્ટ, એલર્ટ અને વોર્નિંગ) કરવા અંગે**

**પૂર્વ ભુમિકા:**

સામાન્ય રીતે જીલ્લા વહીવટી તંત્રની ફરિયાદ એવી છે કે તેઓને જે તે જળાશયમાંથી પાણી છોડવાની પરિસ્થિતી ઉભી થાય ત્યારે જ અમુક કલાક અગાઉ જાણ કરવામાં આવે છે. તારીખ ૦૬/૦૮/૨૦૦૪ ના રોજ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર, મહેસુલ વિભાગ ખાતે સવારે ૧૦:૦૦ કલાકે થયેલી મીટીંગમાં ચર્ચા થયા મુજબ જીલ્લા કલેકટરશ્રી / જીલ્લા વહીવટી તંત્રને અને સંલગ્ન વિભાગોને ચોકકસાઈ પુર્વકના પગલાં ભરવા માટે પુરતો સમય મળી રહે અને આગોતરા આયોજન કરી શકે તે માટે પ્રાદેશિક પૂર નિયંત્રણ એકમ/પૂરની કામગીરી સંભાળતાં અધિકારીશ્રીઓને તેઓની શિફ્ટ ડ્યુટી દરમ્યાન નીચે મુજબની કામગીરી અચુક કરવા અને તે અંગે રજિસ્ટરમાં નોંધ કરવા સુચના આપવામાં આવે છે.

**સુચના:**

૧) ડેમના જળાશયમાં જયારે **સ્ટોરેજના ૭૦ % થી વધારે (Warning Stage) ભરાય** ત્યારે પ્રાદેશિક પૂર નિયંત્રણ એકમે જીલ્લા વહીવટી તંત્ર અને તેને સંલગ્ન વહીવટી તંત્રને લેખિતમાં વરસાદની તે સમયની સ્થિતી સહિત સુચિત કરવાનું રહેશે.

૨) ડેમના જળાશયમાં જયારે **સ્ટોરેજના ૮૦ % થી વધારે (Alert Stage) ભરાય** ત્યારે પુન: એક વખત ઉપર મુજબ સુચિત કરવાનું રહેશે.

3) ડેમના જળાશય જયારે **૯૦ % થી વધારે (High Alert Stage) ભરાય** ત્યારે પુન: ઉપર મુજબ સુચિત કરવાનું રહેશે અને તેમાં ઉપર મુદ્દા (૧) અને (૨) માં અગાઉ જે જાણ કરેલી છે, તેના તારીખ અને સમયનો અચુક ઉલ્લેખ કરવાનો રહેશે, અને જેની નોંધ પ્રાદેશિક એકમના મેસેજ રજીસ્ટરમાં તે સમયના શીફ્ટ ઈન્ચાર્જ અધિકારીના નામ, હોદ્દા,સમય, તારીખ સાથે વિગતે કરવાનો રહેશે.

સાથે સાથે આ અંગેની જાણ ગાંધીનગર સ્થિત પુર નિયંત્રણ એકમ કે જે સ્ટેટ વોટર ડેટા સેન્ટર બિલ્ડીંગ, પહેલો માળ, સેક્ટર-૮, ગાંધીનગર ખાતે બેસે છે તેને ફેક્સ/પત્રથી તે જ દિવસે અને તે જ સમયે અચુક કરવાની રહેશે.

ઉપર આપવામાં આવેલા સુચનોનો અમલ ત્વરિત કરવાનો રહેશે અને આ કાર્યવાહી ઉપર જે તે પ્રાદેશિક પૂર નિયંત્રણ એકમના શીફ્ટ ઈન્ચાર્જ અધિકારીશ્રીએ જાતે મોનિટરીંગ કરવાનુ રહેશે.

**(બી. એસ. પટેલ)**
ખાસ ફરજ પરના અધિકારી(જળસંપત્તિ)
નર્મદા, જળસંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
ગાંધીનગર